# આનંદીબેને ગામે ગામ રાખડીઓ મોકલી...!!

## મંત્રીઓથી લઈ તમામ સરપંચોને ૩૫ હજારથી વધુ રાખડીઓ મોકલાઈ

ગાંધીનગર, તા.૭

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત રક્ષાબંધનના પર્વને સેતુ બનાવી રાજયના પંચાયત કક્ષા સુધીના અગ્રણીઓ સાથે સીધો સંવાદ-સંપર્ક કરવા



માટે અનુકરણીય પગલું મુખ્યમંત્રી આનંદીબેન પટેલે લીધું છે. રાજયના તમામ અગ્રણીઓથી લઈને ગ્રામ પંચાયતના સરપંચ સુધી તમામને આનંદીબેને ૩૫ હજારથી વધુ રાખડી મોકલી છે અને સાથે જ સુંદર પત્ર પાઠવ્યો છે.

નરેન્દ્ર મોદી પીએમ બન્યા બાદ રાજયના મુખ્યમંત્રી પદે આરુઢ બનેલા શ્રીમતી આનંદીબેન પટેલ પ્રજાને સીધા અસર કરે અને તેમની સાથે સીધો સંપર્ક રાખી શકાય તેવા કાર્યક્રમો અવારનવાર યોજી રહ્યા છે. આગામી દિવસોમાં રક્ષાબંધનની ઉજવણી થશે તે પહેલા રાજયના તમામ અગ્રણીઓને આનંદીબેન પટેલે રાખડીઓ મોકલાવી અનુકરણીય પગલું ભર્યુ છે. રાખડી સાથે મોકલાવેલો તેમનો પત્ર પ્રજા અને સરકારને જોડતો લાગણીભર્યો સેતુ બની રહ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મુખ્યમંત્રીએ આ રીતે પવિત્ર પર્વને સાંકળીને પ્રજાનો સીધો સંપર્ક કર્યો હોય તેવું બન્યું છે. આનંદીબેને આખા રાજયમાં ૩૫ હજારથી વધુ રાખડીઓ મોકલાવી છે. રાજયના તમામ ગામડાઓના સરપંચોને ૧૪ હજાર જેટલી રાખડીઓ મોકલવામાં આવી છે. તમામ મંત્રીઓ, એમએલએ, પ્રબુધ્ધ નાગરિકો, જિલ્લા તાલુકા પંચાયતના પદાધિકારીઓ સભ્યો, રાજય બહારના મહાનુભાવો, આગેવાનો, કલાકારો, પત્રકારો, વિશિષ્ટ વ્યકિતઓને રાખડીઓ મોકલવામાં આવી છે. તેમના આ પ્રયાસની ખુબ સરાહના થઈ રહી છે.

# ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણી માટે પાયલોટ પ્રોજેકટ

## પાયલોટ પ્રોજેક્ટ માટે ૨૭ કરોડ ખર્ચાશે : કુડાસણ, રાયસણ, રાંદેસણ અને કોબા વિસ્તારને અનુલક્ષી કામોનું ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર, તા.૭

ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણી પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે આજે કુડાસણ, રાયસણ, રાંદેસણ કોબા વિસ્તારમાં પાયલોટ પ્રોજેકટના કામો અન્વયે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પાણી વિતરણ સ્ટેશન, સમ્પ, પાણીની ટાંકી તેમજ પમ્પ હાઉસ સહીતના ૨૭ કરોડના કામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણી પુરવઠો ઉપલબ્ધ કરવાના પાયલોટ પ્રોજેકટ અન્વયે નગરરચના યોજના-૬ અંતર્ગત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના કામમાં ૧૨ લાખ લીટરનો સમ્પ, પમ્પ હાઉસ અને ૧૩ લાખ લીટરની ક્ષમતાની ઉંચી ટાંકીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીપી સ્કીમ નં.૬નો સમગ્ર વિસ્તાર તથા નગર રચના યોજના-૪ના અંશતઃ વિસ્તારને પાઈપ નેટવર્ક દ્વારા પાણી ઉપલબ્ધ કરવામાં આવશે. આ સમગ્ર કામનો અંદાજીત ખર્ચ રૂ. ૯ કરોડ કરવામાં આવશે. આ ઉપરાંત નગર રચના યોજના-૧૯ (રાયસણ-રાંદેસણ-કોબા) ના વિસ્તારને પાણી પુરવઠા પ્રોજેકટ હેઠળ આવરી લેવા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના કામમાં ૩૦ લાખ લીટરનો સમ્પ, પમ્પહાઉસ, ૫ લાખ લીટરની ૨૧ મીટર ઉંચાઈની ૨ ટાંકી તેમજ વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક સહિતના કામોનો સમાવેશ થાય છે. આ સમગ્ર કામનો અંદાજીત ખર્ચ રૂ. ૧૮.૦૦ કરોડ જેટલો થશે.

આજના ભૂમિપુજન કાર્યક્રમમાં ઉપસ્થિત સ્થાનીક વસાહતીઓએ ગુડાના વિકાસ કામો અંગે હર્ષની લાગણી વ્યકત કરી આ વિકાસ કામોને વેગ આપવા બદલ ગુડાના અધ્યક્ષ અશોક ભાવસારનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ગુડાના અધ્યક્ષ અશોકભાઈ ભાવસાર ઉપરાંત રાયસણના સરપંચ, સ્થાનિક આગેવાનો, ગુડાના અધિક કલેકટર ડી.બી. મહેતા, નાયબ કલેકટર ડી.આર. બુચ, કાર્યપાલક ઈજનેર આર.એ. જેઠવા, પ્રવર નગર નિયોજક એમ.આર. શાહ, એકાઉન્ટ ઓફીસર ડી.એન. બ્રહ્મભટ્ટ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





હિંડોળાની તૈયારી - શ્રાવણમાં ભક્તિનું ઘોડાપુર આવે છે... મંદિરોમાં હિંડોળા સજાવાય છે... અલગ અલગ વિષય પર અલગ-અલગ કલાત્મક હિંડોળા તૈયાર કરાય છે... ગાંધીનગરમાં સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાનના શણગાર માટે યુવકો ભારે જહેમત કરતા હોય છે. અલગ અલગ કઠોળ દ્વારા અવનવી કૃતિઓનું નિર્માણ કરાય છે. ભગવાન સ્વામિનારાયણની આસપાસ આવા કલાત્મક હિંડોળા રચવાની પરંપરા છેલ્લા ૨૬ વર્ષથી ગાંધીનગરમાં યુવકો દ્વારા થાય છે...

## ખૂણે... ...ખાંચરેથી

- એડવોકેટ શ્રી કરણસિંહ વાઘેલા દ્વારા સોમવારને ૧૧ ઓગસ્ટના રોજ વાસણિયા મહાદેવ ખાતે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરાયું છે.
- શ્રાવણ માસ હોવાથી ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર રોજ વૈજનાથ મહાદેવ પગપાળા યાત્રા કરી જાય છે.
- જિલ્લા પંચાયતમાં ભાજપના પ્રમુખ તરીકે હોદ્દો સંભાળનાર હીના પટેલે આજે સમર્થકો માટે નાના ભોજન સમારોહનું આયોજન કર્યુ હતું. જેમાં ફરાળની પણ વિશેષ વ્યવસ્થા રખાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ તરીકેનો હીના પટેલે કાર્યભાર સંભાળ્યો ત્યારે અભિનેત્રી જયશ્રી પરીખ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.
- મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ હવે પોતાના ડ્રેસીંગમાં આમૂલ પરિવર્તન કરી અને મોદી સ્ટાઈલના ઝભ્ભા ધારણ કરે છે.
- મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરી રજા પર ગયા છે.

## કલેક્ટર કચેરીમાં કોર્ટરૂમ ઉભો કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં હવે કોર્ટરૂમની સુવિધા ઉભી કરવા અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

કલેકટર એ જિલ્લાના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ હોઈ તેમની કોર્ટમાં જમીન સહિતના વિવિધ કેસો ચાલતા હોય છે. આ કેસોની સુનાવણી અત્યાર સુધી કલેક્ટર ચેમ્બરમાં જ થતી હોય છે.

નવનિયુક્ત જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે અલાયદો કોર્ટરૂમ બનાવવા માટેની સૂચના તંત્રને આપી છે અને આ અંગે કલેક્ટર કચેરીમાં જગ્યાની શોધ ચાલી રહી છે.

જિલ્લા તંત્ર એકાદ સપ્તાહમાં જ આ અંગેનો નિર્ણય લઈ લેશે તેમ જાણવા મળેલ છે.

# સે. ૧ ના તળાવ પાસે ટુંકમાં મીની ફૂડકોર્ટ ધમધમશે

## ફૂડકોટની ૫ દુકાનો ફાળવવા હરાજી પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

સે. ૧ના નવા નિર્મિત તળાવને અનુલક્ષી ટુંકમાં જ ફૂડકોર્ટ ધમધમતી થશે. તંત્ર દ્વારા તૈયાર કરાયેલ ફૂડકોર્ટની દુકાનો ફાળવવા હવે હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે. વિભાગ કક્ષાએથી મંજૂરી આપી દેવાતા ટુંકમાં નિવિદા આપી હરાજીની કાર્યવાહી હાથ ધરાશે.

સે. ૧માં તળાવ વિકાસનુ કામ મોટાભાગે પૂર્ણ થઈ ગયું છે. જો કે તળાવને પીકનીક સ્પોટ બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ શક્યુ નથી. સે. ૧ના તળાવને અનુલક્ષી હરિયાળા ઉદ્યાનનું પણ નિર્માણ કરવામાં આવ્યુંછે. હાલ વરસાદી દિવસોમાં તળાવની રોનક નિખરી છે. જ્યારે વર્ષોના અંતે પણ તળાવ વિકાસને અનુલક્ષી આનુષંગિક સુવિધાઓ ઉભી થઈ શકી નથી.

તળાવને પીકનીક સ્પોટ બનાવવાના અભિગમ અન્વયે ૬ મહીના પૂર્વે તંત્ર દ્વારા ફૂડકોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. ફૂડકોર્ટ અન્વયે વિવિધ પાંચ જેટલી દુકાનો બાંધવામાં આવી છે. પરંતુ ફૂડકોર્ટ નિર્માણના લાંબા સમય બાદ પણ દુકાનોની કામગીરી અંગે કોઈ નિર્ણય લેવાતો ન હતો. જ્યારે ફૂડકોર્ટની દુકાનો હરાજીથી ફાળવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આખરે આ દરખાસ્તને વિભાગકક્ષાએથી મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં ફૂડકોર્ટની દુકાનો ફાળવવા હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. ફૂડકોર્ટ શરૂ થતા તમામ વિસ્તારની રોનક વધુ નિખરશે જ્યારે સહેલાણીઓને ખાણી-પીણીની સુવિધા મળી રહેશે.

# ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા પાઈપલાઈનના કામનુ રીટેન્ડરીંગ થશે

## સરગાસણ પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરવા આયોજન

ગાંધીનગર, તા. ૭

સરગાસણ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી નગરના ઉદ્યાનોને પાણી પુરૂ પાડી હરિયાળી બરકરાર રાખવાનું આયોજન હાથ ધરાયું છે. જ્યારે હાલ સ્વર્ણિમ પાર્કમાં આ વ્યવસ્થાના આધારે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. શહેરના અન્ય ઉદ્યાનોને અનુલક્ષી પાણીની જરૂરીયાત માટે ૭ કરોડના ખર્ચે પાઈપલાઈન નાંખવામાં આવશે. અગાઉ હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયા રદ થતા રીટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નગરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા તંત્ર દ્વારા સરગાસણ પ્લાન્ટના આધારે પાણી સપ્લાય કરવાનું નવતર આયોજન કરવામાં આવ્યું છે. સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટના આધારે હાલ દૂષિત પાણીને શુદ્ધ કરી સ્વર્ણિમ પાર્કમાં સપ્લાય કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં નગરના બગીચાઓને લીલાછમ રાખવા પાણીની જરૂરીયાત સંતોષાય તે માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે રૂ. ૭ કરોડના ખર્ચે પાઈપલાઈનનું કામ પણ હાથ ધરવામાં આવશે. આ કાર્યયોજનાને અનુલક્ષી અગાઉ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ બે એજન્સીના ટેન્ડર રદ થયા બાદ ટેન્ડર પ્રક્રિયા આખરી થઈ શકી ન હતી. જેના પરિણામે આ કામગીરી વિલંબમાં પડી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જો કે આગામી સપ્તાહમાં રી ટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેના પરિણામે અટવાયેલી કાર્યયોજનાને આગળ ધપાવવા ટુંકમાં કામ હાથ ધરાય તેવી શંભાવના છે.



કાનુની શિક્ષણ શિબિર - જ્યોતિ મહિલા મંડળ દ્વારા કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓ માટે કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરાયું હતું. ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના નામદાર ન્યાયમૂર્તિ વ્યાસ સાહેબ, સોની સાહેબ અને સિનિયર મહિલા વકીલ ક્ષમાબેન ચૌહાણે વિદ્યાર્થીનીઓને નારી સંરક્ષણ તથા હકકો અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. (તસવીર : દિપક જાની)

# જિલ્લા એન.એસ.યુ.આઈ.ની નિમણુંકો રદ કરતુ પ્રદેશ એકમ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની એન.એસ.યુ.આઈ.ની તમામ નિમણુંકો રદ કરવાનો નિર્ણય પ્રદેશ એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ શ્રી આદિત્યસિંહ ગોહિલે લીધો છે.

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસના સભ્યોના બળવા પછી હવે હરકતમાં આવેલી સંગઠન પાંખે સાફસૂફી માટે મન બનાવી લીધુ છે અને તેનો પ્રારંભ વિદ્યાર્થી પાંખથી કર્યો હોવાનું જાણવા મળેલ છે.

આજે શ્રી ગોહિલે એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે એનએસયુઆઈની જિલ્લા પ્રમાણે હોદ્દેદારોનું માળખુ હોય છે. કોંગ્રેસના મહામંત્રી શ્રી રાહુલ ગાંધીના માર્ગદર્શન નીચે સમગ્ર એનએસયુઆઈ અને યુવક કોંગ્રેસમાં રાજ્યોમાં આંતરીક ઈલેકશન પ્રમાણે હોદ્દેદારો ચુંટાતા હોય છે. આ ચુંટાયેલા હોદ્દેદારો દ્વારા યુએનસઆઈ યુનિવર્સિટી અને કોલેજોમાં વિદ્યાર્થી હિતમાં કામ કરી છે.

ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ હંમેશા વિદ્યાર્થી હિત માટે કામ કરતું રહ્યું છે. સેનેટ-વેલ્ફેરના ઈલેક્શન જીતવામાં

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ જાહેર ખબરનું માધ્યમ બન્યા

ગાંધીનગર, તા. ૭

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટના ઘણા પોલ્સ બંધ હાલતમાં છે. વરસાદી ઝાપટા સાથે ડુલ થઈ જતી સ્ટ્રીટ લાઈટોના લીધે રાત્રીના સમયે અંધારપટ છવાઈ જાય છે. બીજીતરફ જાળવણીના અભાવે કટાયેલા પોલ્સ કંગાળ ભાસી રહ્યા છે. જ્યારે મોટાભાગના થાંભલાઓ પર જાહેરખબરના પોસ્ટરો ચિપકાવેલા જોવા મળે છે. અલબત્ત સ્ટ્રીટલાઈટના થાંભલો જાણે જાહેરાતનું માધ્યમ બની ગયા છે. સેક્ટરોમાં કાટ ખાઈ ગયેલા અને પોસ્ટરોથી ઢંકાયેલા કેટલાક પોલ્સ ખુલ્લા અને જોખમી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આમ છતાં તંત્ર આ મામલે બેધ્યાન છે.

# ગાંધીનગર જિલ્લાનો મહિલા પશુપાલન શિબિર

## દૂધ ઉત્પાદક મહિલા પશુપાલક સન્માન કાર્યક્રમ : પશુપાલન વ્યવસાયના માધ્યમથી મહિલાઓ વધુ આર્થિક પગભર બનશે : વસુબહેન ત્રિવેદી

ગાંધીનગર, તા. ૭

રાજયમાં પશુપાલન વ્યવસાયના માધ્યમથી મહિલાઓ વધુ ને વધુ આર્થિક પગભર બની સમાજમાં પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરે તેવું આજે ગાંધીનગર ખાતે યોજાયેલ મહિલા પશુપાલન શિબિરમાં રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદીએ આહ્વાન કર્યુ હતું. રાજ્યમાં ઉજવાઈ રહેલા મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદ સંઘના ઉપક્રમે જિલ્લાની પશુપાલન મહિલા શિબિર અને વાર્ષિક રૂ. ૧૦ લાખથી વધુ દૂધ ઉત્પાદન કરતી મહિલાઓનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો.

મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદીએ મહિલાઓને આર્થિક આત્મનિર્ભર થવાની હાંકલ કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં મહિલા ઉત્કર્ષ માટે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રથમ વખત જેન્ડર બજેટ રજૂ કર્યું છે. બજેટમાં કન્યાઓ અને મહિલાઓના લાભાર્થે ૪૫૫ જેટલી યોજનાઓ રજૂ કરવામાં આવી છે. ૧૦૦ ટકા બહેનો જ લાભાર્થી હોય તેવી ૮૭ યોજનાઓ માટે રાજ્ય સરકારે રૂ. ૧૮૮૦ કરોડની જોગવાઈ કરી છે. કૃષિ અને પશુપાલનને વધુ પ્રોત્સાહિત કરવા ૨૦૧૪-૧૫ને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. દૂધ મંડળીના મહિલા પશુપાલક સભ્યને મિલ્કીંગ મશીન વસાવવા માટે મહત્તમ રૂ. ૩૩,૭૫૦ તેમજ ચાફકટર માટે મહત્તમ રૂ. ૧૫,૦૦૦ ની મર્યાદામાં ૭૫ ટકા સુદીની સહાય રાજ્ય સરકારે જાહેર કરી છે.

શિબિરમાં જી.સી. એમ.એફ. ના એમ.ડી. શ્રી આર.એસ. સોંઢીએ રાજ્યના મહિલા પશુપાલકો દૂધ ઉત્પાદન કેવી રીતે વધારી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે, રાજ્યના ૧૮ દૂધ સંઘ પૈકી ગાંધીનગર દૂધ ઉત્પાદક સંઘ સૌથી વધુ દૂધના ભાવ અને દૂધ ભાવવધારો પશુપાલકોને આપી રહ્યો છે અમે તા. ૩-૭-૨૦૧૪ થી રાજ્યમાં સૌથી વધુ કિલોફેટે રૂ. ૬૦૦ ભાવ ચુકવી રહ્યા છીએ. મધુર ડેરીએ પોતાની આગવી ગુડવીલ ઉભી કરી ધ ટેસ્ટ ઓફ કેપિટલ મધુર બ્રાન્ડની દૂધની બનાવટો તૈયાર કરી વેચાણ કરવામાં આવી રહ્યું છે.

પશુપાલન શિબિરમાં પશુપાલન

● અનુસંધાન પાન-૭ પર

**PUBLIC NOTICE** Notice is hereby given that the following sub-broker is no longer affiliated as sub-broker of ICICI Securities Ltd., Member of National Stock Exchange of India Ltd. (SEBI Regn. No. INB230773037) and Bombay Stock Exchange Ltd. (SEBI Regn. No. INB011286854), having Corporate office at Shree Sawan Knowledge Park, Plot No. D-507, T.T.C. Industrial Area, MIDC, Turbhe, Navi Mumbai – 400 705, For any queries contact: Sub broker Operations dept at 022-4070 1433. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk. ICICI Securities Ltd. shall not be liable for any dealings with him.

| Sr No | Name of the Sub broker | Trade Name | Address | SEBI Regn No & Date |
|---|---|---|---|---|
| 1. | Pandya Aakash R | Pandya Aakash R | 205 Infocity Supermall 1 Infocity Gandhi Nagar Gujarat-382009 | NSE INS 236342213 / 23-07730 Dated 24-Nov-2008 BSE INS 016331618 / 01-12868 Dated 18-Nov-2008 |

Date : 08.08.2014
Place: Mumbai

By Order of Director ICICI Securities Limited
Anup Bagchi




SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com